# 18 અધરો દિવસ (આસ્વાદલેખ)

**વેણીભાઈ પુરહિત**

(જન્મ : 01-02-1916; અવસાન : 03-01-1980)

વેણીભાઈ પુરોહિતનો જન્મ જામનગર જિલ્લાના જામખંભાળિયામાં થયો હતો. તેમના પિતાનું નામ જમનાદાસ અને માતાનું નામ ગુલાબીબહેન હતું. તેઓ સંત ખુરશીદાસના ઉપનામે પણ લખતા. 'ઝરમર', 'પરોઢિયાની પદમણી', 'નયના' અને 'સિંઝારવ' તેમના સંગ્રહો છે.

મધ્યકાલીન પ્રેમલક્ષણા ભક્તિની પરંપરામાં 'દયાસખી' તરીકે પ્રસિદ્ધ રસકવિ દયારામ પ્રભુરામ ભટ્ટનો જન્મ આજના વડોદરા જિલ્લાના ચાંદોદ ગામે થયો હતો. 'રસિક વલ્લભ', 'પ્રબોધ બાવની', 'અજામિલ-આખ્યાન', 'હનુમાન ગરૂડ સંવાદ' જેવી ઉત્તમ રચનાઓ એમનું ઉત્તમ પ્રદાન છે. રાધા, ગોપી તેમજ કૃષ્ણની રસગર્ભ ભાવોર્મિઓનું દયારામે અત્યંત ઉત્કટતાથી નિરૂપણ કર્યું છે. ભાવોની સુકુમારતા, લયવૈવિધ્ય, ભાષાની ચિત્રાત્મક છટાઓ તેમજ નાદમાધુરી ઈત્યાદિ દયારામનાં કૃષ્ણભક્તિનાં પદોની વિશેષતાઓ છે. 'અધરો દિસ પદનો કવિ વેણીભાઈ પુરોહિત અહીં આસ્વાદ કરાવે છે.

અધરો દિવસ એક આવશે. મનુષ્ય ગમે તેટલું - ગમે તેવું જીવે, કિન્તુ એક દિવસ આ દુનિયાની વિદાય નક્કી છે. આખી જિંદગી ગ્રંથ ગરબડમાં ને પાપ પ્રપંચમાં વિતાવી હોય તો છેલ્લી ઘડીએ ઈશ્વર ક્યાંથી યાદ આવે કે સહાય કરે ? ભલભલાના છક્કા છૂટી જાય તેવી આ વસમી ઘડીએ સગાં-સહોદર, કીર્તિ - સંપત્તિ કોઈનોયે સાથ મળશે નહીં, કેવળ કર્મો કેરી કાંટાળી કેડીની એકલપંડી એકાકી વાટ જીવાત્માએ જાતે જ પસાર કરવાની છે. છતાં પામર મનુષ્ય પરમ પાસે અંતિમ ઘડી શુભ - શ્રદ્ધા - સહાયમાં જશે તેવી આંતરેચ્છા અવશ્ય સેવે છે. લૌકિક ન્યાયે'પુત્ર-કુપુત્ર થાય તે, માતા કુમાતા ન થાય' વાળી વાત - મનેચ્છા, કવિ દયારામ પણ શ્રી હરિ પાસે રાખે છે. ગમે તેવો લુચ્ચો - લફંગો, કામી - ક્રોધી, લોભી - કપટી પણ ખરી શ્રદ્ધા - શરણથી ઈશકૃપા પામી શકે છે - પામે છે. જેની ચર્ચા-વિચારણા પ્રસ્તુત આસ્વાદ લેખમાં કવિ વેણીભાઈએ પોતાની શિષ્ટ-વિશિષ્ટ કાવ્યબાનીમાં આપણી સમક્ષ રજૂ કરી છે.

---

અધરો દિવસ એક આવશે, અલબેલા શ્રીજી !
ત્યાં શુધ લેજો મારી અલબેલા શ્રીજી !
તે વેળા સગાંવહાલાં સહુ રહેશે અળગાં,
જ્યારે જમના કિંકર ઝપટાવશે, અલબેલા શ્રીજી !
અવસરે આવી કર સહાશો નહીં કૃષ્ણજી ! તો-
દુશ્મનનો દાવો ફાવશે અલબેલા શ્રીજી !
દોષ દેખી જો દીનાનાથ, ઓસરશો,
તે સમે કોણ છોડાવશે અલબેલા શ્રીજી !
કુપુત્ર કેરા અવગુણ ઢાંક્યે શોભા પિતાની,
પ્રકાશ્યે પોતાને લજાવશે અલબેલા શ્રીજી !
જેવો તેવો પણ દયો કહાવ્યો તમારો પ્રભુ !
તમ વિના કોણ નિભાવશે અલબેલા શ્રીજી !
- - દયારામ

## અણસારાનાં આંદોલન

કવિ દયારામ દુલ્લો આદમી હતો અને દુલારો ભક્ત, હતો. ઓછવિયો ઉદ્‌ગાતા હતો. તેની રચનાઓમાં રસિકજનનું માધુર્ય છે. રાધા અને કૃષ્ણનો શૃંગાર તેણે ભાવલાલિત્યથી લડાવ્યો છે. તેની બાનીમાં હવેલી સંગીતનો હીંચકો છે અને છતાં તે પોતાની ગરબીઓ જેટલી જ ગરવાઈથી માયામાં ફસેલા જીવને ઢંઢોળવા આધ્યાત્મિક આલબેલ પુકારે છે.

દયારામનું જીવન નિરાધાર દશામાંથી જગદાધાર સુધી પહોંચ્યું છે. સાંસારિક નિરાધારપણું અને આધ્યાત્મિક નિજાનંદીપણું તેના જીવન અને કવનને મહોરાવી ગયું. તેણે તેથી જ ગાયું છે કે, ''એક વર્યો ગોપીજન વલ્લભ, નહીં સ્વામી બીજો.'' ગોપીભાવનાં



Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in

તેનાં ગીતોમાં આ પુષ્ટિમાર્ગીય મરજાદી માણસનાં માર્મિક મરકલડાં રોમાંચ જગાડે છે.

તેના જીવનમાં રાજસી પ્રકૃતિનો રંગ અને સાત્ત્વિક પ્રકૃતિનો સંગ છે. તેના કવનમાં પણ આ બંનેનો સંગમ છે અને તેથી જ તે કહે છે કે, ''નિશ્ચયના મહેલમાં વસે મારો વ્હાલમો'' માનવીના નકટા, લોભી, લાલચુ અને ચંચલ મનને તે પારખી ગયો છે અને તેથી કહ્યું છે કે, ''મારું ઢણકતું ઢોર ઢણકે છે બહુ નગ્રમાં, સીમ-ખેતર-ખળું કંઈ ન મૂકે.'' પછી મનને કહે છે ''હે મનવા, શ્રીહરિ શરણે રહેજે, અવર ઉપાય નથી કંઈ બીજો, કૃષ્ણ કૃષ્ણ મુખ કહેજે.''

જીવનની યાત્રા અને યાત્રાનું જીવન બંને તેણે માણ્યાં છે અને તેમાંથી તેણે પોતાનું કથન અને કવન મઠાર્યાં છે. વિદ્વાનોએ તેને મધ્યકાલીન ગુજરાતી પરંપરાના છેલ્લા પ્રતિનિધિ તરીકે પેખ્યો છે અને પોંખ્યો છે.

લાગણીઓને લાડ લડાવી જાણનાર, ઈશ્વરનો લાડઘેલો બની શકનાર, વરણાગી વાણીના ટહુકા રમાડનાર દયારામ કોઈ એક ક્ષણે પોતાની જીવન-યાત્રાનો મુકામ આવી ગયો છે એવો અણસારો પામ્યો હશે ત્યારે લખાયેલી એક કૃતિ અહીં લીધી છે. મૃત્યુના દિવસને તેણે, દયારામ જ કહી શકે એમ ''અઘરો દિવસ'' કહ્યો છે. ભગવાન શ્રીકૃષ્ણના શરણનું રટણ તેણે આ પદમાં રમતું મૂક્યું છે. કવિ નર્મદ પણ અંતઘડીનો અણસારો પામીને ગાઈ ગયો છે કે, ''રસિકડાં, નવ કરશો કંઈ શોક...''

ઈષ્ટદેવ કૃષ્ણને કવિ કહે છે કે, હવે જો તમે શરણ નહિ આપો તો શત્રુઓને રાજી થવાનો અને ચેષ્ટા કરવાનો વારો આવશે. શત્રુઓ કહેશે કે, આખું આયખું કૃષ્ણ કૃષ્ણ કરનારની અંત ઘડીએ પ્રભુએ ઉપેક્ષા કરી... કવિ પોતે જાણે છે કે, જીવનમાં ભક્ત તરીકે ભાવપૂર્વક ભક્તિ કરી છે, કવિ તરીકે જ્ઞાન અને ભક્તિ, માયા અને મુક્તિનાં ગીત ગાયાં છે, પણ માનવી તરીકે ઘણી ક્ષતિઓ પણ થઈ ગઈ છે. હે પ્રભુ ! મારા અવગુણ સામે જોશો નહિ. હું જેવો છું તેવો મને તમે નિભાવી લેશો.

દયારામની ગરબી જાણીતી છે. તેનાં પદ પમરાટ કરે છે. તેના ધોળ ધબકે છે, તેનાં વ્રજભાષાનાં પદ પ્રેરણા આપે છે. તેના ગોપીભાવની નિષ્ઠા નગારે ઘાવ કરે છે. પણ જીવનના અંતના અણસારાની ઘડીની ઘેરાશ, સચ્ચાઈ અને ગહનતાને વીસરી જવાય નહિ. એ ઘેરાશનો ઘૂંટડો આ પદમાં છે અને તે ભીનું અને ભાવુક આંદોલન જગાડે છે.

**વેણીભાઈ પુરોહિત**

### શબ્દસમજૂતી

**શુધ** (અહીં) સંભાળ **કિંકર** ચાકર, સેવક **દાવો** હક, માલિકી **ઓસરશો** પાછા હઠશો

### સ્વાધ્યાય

**1. નીચેના પ્રશ્નોના એક - એક વાક્યમાં ઉત્તર લખો.**

(1) આસ્વાદકના મતે કવિ દયારામ કેવા આદમીને કેવા ભક્ત હતા ?

(2) આસ્વાદક વેણીભાઈ પુરોહિત દયારામનાં સર્જનોમાં કોના શૃંગારનું વર્ણન જુએ છે ?

(3) 'દયારામના કવનમાં રાજસી અને સાત્ત્વિક પ્રકૃતિ છે' - એવું પ્રતિપાદિત કરવા આસ્વાદક કયું ઉદાહરણ આપે છે ?

(4) આસ્વાદકની ધારણા પ્રમાણે 'અઘરો દિવસ' કૃતિ કવિ દયારામે કયા સંજોગોમાં લખી હશે ?

**2. નીચેના પ્રશ્નોના ત્રણ-ચાર વાક્યમાં ઉત્તર લખો.**

(1) કવિને મૃત્યુનો દિવસ મુશ્કેલ શાથી લાગે છે ?

(2) દયારામ કોની શરણાગતિ સ્વીકારે છે ? શા માટે ?

(3) આપણા સંબંધો ક્યાં સુધી છે ? શા માટે ?

**3. વિસ્તૃત ઉત્તર લખો.**

(1) દયારામનો શરણાગતિ ભાવ

(2) ટૂંકનોંધ લખો :

1. દયારામનું કૃષ્ણનું રટણ
2. દયારામના મતે અઘરો દિવસ

●



Get More Learning Materials Here : CLICK HERE www.studentbro.in